ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
(A Government of Gujarat Undertaking)
"જલસેવા ભવન" છ- રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર- ૧૦- એ,
ગાંધીનગર.
પીએબીએકસ- ૯૯૭૮૪૪૧૧૦૧ થી ૦૫, ફેક્ષ:- ૨૩૨૨૫૯૭૨- ૭૯
વેબ સાઇટ:- www.gwssb.org, ઇ-મેઇલ:- setechcell@gmail.com.

એન.પી.સોલંકી
મુખ્ય ઇજનેર (ટેકનીકલ)

જા.નં./ટેકસેલ/પરિપત્ર/૨૦૧૮/૯-૧૭

તા. ૨૯/૦૫/૨૦૧૮

વંચાણે લીધા:-

૧. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના પરિપત્ર ક્રમાંક જા.નં. ટેકસેલ રિચાર્જીંગ/ભૂગર્ભ ટાંકા/૯૦/૨૦૦૮. તા. ૦૯/૦૧/૨૦૦૮.

૨. ઉપ સચિવશ્રી (જળસંપત્તિ) નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ ક્રમાંક સીડીએમ-૨૦૦૮આઈબી-૮૭૯-૪૨૬-ક-૨, તા. ૦૧/૧૦/૨૦૦૯.

૩. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના પરિપત્ર ક્રમાંક જા.નં. રિચાર્જ સેલ/રિચાર્જ સ્ટ્રકચર/ચેકડેમ/૪૫૧૨, તા. ૦૬/૦૭/૨૦૧૦.

૪. મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કાર્યવાહી નોંધ પત્ર ક્રમાંક- મુવઅ/બીએમ-૨૪૪/કાર્યવાહીનોંધ/૦૪, તા. ૧૨/૦૧/૨૦૧૩.

૫. મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની કાર્યવાહી નોંધ પત્ર ક્રમાંક- મુવઅ/બીએમ-૨૬૫/કાર્યવાહીનોંધ/૨૪, તા. ૦૭/૦૩/૨૦૧૮. (બીએમ-૨૬૫/૧૬)

વિષય - પીવાના પાણીની વ્યકતિગત /જુથ યોજનાના ભૂગર્ભ/ભૂતળ સોર્સને લાંબાગાળા માટે સક્ષમ કરવા બાબત

આમુખ –

રાજ્ય સરકારના વિકાસ કાર્યક્રમ હેઠળ વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભટાંકા તેમજ રીચાર્જીંગના કાર્યક્રમને સરકારશ્રીએ ટોચ અગ્રતા આપેલ છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા રીચાર્જીંગની કામગીરી માટે વરસાદી પાણીના સંગ્રહ તેમજ રીચાર્જીંગની કામગીરી હાથ ધરવાની બાબતને અગ્રતા આપેલ છે. આ અંગે બોર્ડ સંદર્ભ – ૧,૨ અને ૩ના પરિપત્રની જોગવાઈ મુજબ બોર્ડની માન્યતા પ્રાપ્ત સ્વૈછિક સંસ્થાઓને રીચાર્જના કામો આપવામાં આવતા હતા. આ કામોની સૈધ્ધાંતિક મંજુરી રીચાર્જ એકમ, બોર્ડ કચેરી ધ્વારા અને વહીવટી તેમજ તાંત્રિક મંજુરી બોર્ડના સત્તા સોંપણીના પરિપત્ર મુજબ સક્ષમ કક્ષાએથી આપવામાં આવતી હતી.

Scanned with CamScanner

આ બાબતે ત્યારબાદ તા. ૦૯-૦૧-૨૦૧૩ ના રોજ મળેલ ૨૪૪મી (સંદર્ભ – ૪) બોર્ડ બેઠકના નિર્ણયને આધિન ચેકડેમ બાંધવાની કામગીરી સરકારશ્રીના જળસંપત્તિ વિભાગ દ્વારા કરાવવાનું તેમજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જી. ડબ્લ્યુ. આઇ. એલ.ને વિભાગ સાથે સંકલન કરવા ઠરાવવામાં આવેલ. પરંતુ આ સમયગાળામાં રીચાર્જની કામગીરીની પ્રકીયાને નબળો પ્રતિસાદ મળેલ.

બોર્ડનો સ્ટાફ તાંત્રિક રીતે કાર્યક્ષમ હોય અને બોર્ડ પાસે પી.એમ.સી તરીકે સક્ષમ સંસ્થા છે તેવા સંજોગોમાં પીવાના પાણીની વ્યકતિગત /જુથ યોજનાના ભાગરૂપે જરૂરીયાતના કિસ્સામાં નદી / નાળાં પરના સ્ટોરેજ સ્ટ્રકચર્સ બોર્ડ દ્વારા જ કરવામાં આવે તો પીવાના પાણીના જળસ્ત્રોત તરીકે વધુ ઉપયોગી સાબિત થઇ શકે તેમ જણાતા તા.૧૪-૦૨-૨૦૧૮ના રોજ મળેલ ૨૬૫મી બોર્ડ બેઠકના નિર્ણયને આ સાથે પરિપત્રિત કરવામાં આવે છે.

**પરિપત્ર-**

પીવાના પાણીની વ્યકતિગત/જુથ યોજનાના ભૂગર્ભ/ભૂતળ સોર્સને લાંબા ગાળા સુધી કાર્યક્ષમ રાખવા માટે નદી/નાળાં પરના રિચાર્જ માટે સ્ટોરેજ સ્ટ્રકચરના બાંધકામની દરખાસ્તો બોર્ડની તાંત્રિક ચકાસણી સમિતિ સમક્ષ મંજુરી માટે રજુ કરવી અને મંજુરી મળ્યે બોર્ડના સત્તા સોંપણીના પરિપત્ર મુજબ સક્ષમ કક્ષાએથી અન્ય મંજુરીઓ મેળવી બોર્ડ દ્વારા જ કામગીરી કરવી. સ્ટોરેજ સ્ટ્રકચર તરીકે વીયર/મોટા ચેકડેમની ડીઝાઇન બાબતે જળસંપત્તિ વિભાગના મધ્યસ્થ આલેખન તંત્રનો પરામર્શ કરી જરૂરી તાંત્રિક માર્ગદર્શન/સલાહ સુચનો મેળવી લેવાના રહેશે.

(નિરવ સોલંકી)
મુખ્ય ઇજનેર(ટેકનીકલ)

નકલ સાદર રવાના પ્રતિ,

- માન. અધ્યક્ષશ્રી , ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
- માન. સભ્ય સચિવશ્રી , ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

નકલ કાર્યવાહી સારૂ રવાના પ્રતિ,

- સર્વે મુખ્ય ઇજનેરશ્રી/ સર્વે અધિક્ષક ઇજનેરશ્રી/ સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ

Scanned with CamScanner